જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૯/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૫૮/૧૮

**હાલમાં વેજલપુર પો સ્ટે વિસ્તારમાં આવેલ પો સ્ટ ઓફિસ ખાતે થયેલ ઘરફોડ ચોરીના આરોપીને ગણત્રીના દિવસોમાં પકડી અલગ અલગ ચાર પોલીસ સ્ટેશન-વેજલપુર પો સ્ટે ,સેટેલાઇટ પોલીસ સ્ટે,આનંદનગર પો સ્ટ તથા બોપલ પો સ્ટે ના ઘરફોડ ચોરીના ગુન્હા ઉકેલતી વેજલપુર પોલીસ**

આજરોજ સંયુક્ત પોલીસ કમીશ્નર સેક્ટર ૧ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ઝોન ૭ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ લુટના ગુન્હા બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલ્કત સંબધી બનાવો શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ અમારા સીધા માગદર્શન હેઠળ પો સબ ઇન્સ પી એન ખોખરા સા તથા પ્રો પો સબ ઇન્સ એ ડી દેસાઇ સા તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના લોકરક્ષક રવીરાજસિંહ મહીપતસિંહ બનં ૧૯૮૪ તથા લોકરક્ષક નાગરાજભાઈ અમકુભાઈ બ.નં-૧૩૯૫ નાઓની બાતમી હકિકત આધારે આરોપી નામે મનીષભાઈ સ/ઓ વિરસીંગભાઈ સંગાડીયા ઉવ ૨૨ રહે પ્રહલાદનગર ઓનેસ્ટ રેસ્ટોરન્ટની બાજુના સર્વિસ રોડની પાસે આવેલ કાચા છપરામાં એસ જી હાઈવે પ્રહલાદનગર આનંદનગર અમદાવાદ શહેર મુળ ગામ કાળી તળાય નવુ ફળીયુ તા ગરબાડા જી દાહોદ + કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો ૦૨ = ૦૩ નાઓની પાસેથી અલગ અલગ દરની ચલણી નોટોના રોકડા રુ ૩,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૩ જેની કિમત રુ ૧૫,૦૦૦/- મળી તથા ઓટો રીક્ષા નં GJ-01-DU-4225 જેની કિમત રુ ૭૦,૦૦૦/ મળી કુલ્લે કિમત રુ ૮૮,૦૦૦/- ની મતાનો મુદામાલ વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૧૨૦/૧૮ ઘી ઇ પી કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના કામે રીકવર કરી આરોપી નામે મનીષભાઈ સ/ઓ વિરસીંગભાઈ સંગાડીયા નાઓને આજરોજ તા ૦૯।૦૯।૨૦૧૮ ના કલાક ૧૫।૦૦ વાગે પકડી અટક કરી ગુન્હાનો ભેદ ઉકેલી પ્રશંસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે ઉકેલેલ ગુન્હાઓની વિગત નીચે મુજબ છે

(૧) વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૧૨૦/૧૮ ઘી ઇ પી કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ
(૨) આનંદનગર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૧૨૧/૧૮ ઘી ઇ પી કો કલમ ૪૫૭,૩૮૦ મુજબ
(૩) આનંદનગર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૧૨૨/૧૮ ઘી ઇ પી કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ
(૪) સેટેલાઇટ પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૧૭/૧૮ ઘી ઇ પી કો કલમ ૪૫૭,૩૮૦ મુજબ
(૫) બોપલ પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૦૮/૧૮ ઘી ઇ પી કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ

# ઘરફોડ ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે પકડી ચોરીનો ભેદ ઉકેલતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં ઘરફોડ ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ જીઆઈડીસી વટવા પો.સ્ટે નાઓના માર્ગદર્શન મુજબ તા:૦૮/૦૯/૨૦૧૮ ના રોજ પોસઈ એસ.એસ.ગોસ્વામી તથા પોસઈ જે.બી.ચૌહાણ નાઓ સ્ટાફના માણસો સાથે ગુનાની તપાસમાં હતા તે વખતે ફરીશ્રીની કંપનીના કારીગરોને યુક્તિ પ્રયુક્તિથી ઉંડાણપૂર્વક પૂછપરછ કરતા કારીગર સંજયસિંહ પ્રવિણસિંહ વાઘેલા ઉ.વ ૨૬ રહે- મ.નં ૩૨૦૦ વિનોબાભાવેનગર વિંઝોલ ગામ સામે જીઆઈડીસી વટવા અમદાવાદ શહેર નાનો પૂછપરછ દરમ્યાન ભાંગી પડેલ અને પોતે જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૫૧/૧૮ ધી ઈપીકો કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબનો ગુનો કરેલાની કબુલાત કરતા તેની પાસેથી સદર ગુનાનો મુદ્દામાલ રોકડા રૂપિયા ૧,૦૦,૦૦૦/- કબ્જે કરી તા: ૦૮/૦૯/૧૮ ના ક: ૧૯/૦૦ વાગે પકડી અટક કરેલ છે આવી રીતે જીઆઈડીસી વટવા પો.સ્ટે ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.